ગાંધીનગર સમાચાર

# ડીસા તાલુકાના બાઈવાડા ગામમાં મહિલા સરપંચ સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર

ડીસા, તા.૪

ડીસા તાલુકાના બાઈવાડા ગામમાં અઢી મહિના અગાઉ માહિલા સરપંચ સામે ૯ સભ્યોએ ભ્રષ્ટચાર ના મુદ્દે અવિશ્વાસ ની દરખાસ્ત રજુ કરી હતી જેમાં બાઈવાડા ગ્રામ પંચાયત ખાતે ગુરુવારે યોજાયેલી બેઠકના સરપંચ વિશ્વાસ નો માટે મેળવવા માં નિષ્ફળ રહેતા અવિશ્વાસ ની દારખાર પસાર થઈ ગઈ હતી.

ડીસા તાલુકાના બાઈવાડા ગામ ના મહિલા સરપંચ ગીતાબેન પ્રવીણભાઈ દેવુ એ સભ્યોને વિશ્વાસ માં લીધા વગર મનસ્વી પાને નિર્ણયો લેતા હતા તેમજ અનેક કામોમાં ગેરરીતિઓ આચરતા ભ્રષ્ટચાર કર્યો હોવાના ગંભીર આક્ષેપો ગ્રામ પંચાયતના સભ્યોએ કાર્ય હતા અને આ મુદ્દે ગ્રામ પંચાયતના તમામ ૯ સભ્યોએ તેમની સામે ૨૫મી મેંના રોજ અવિશ્વાસ ની દરખાસ્ત તલાટી અને તાલુકા વિકાસ અધિકારી સમક્ષ રજુ કરી હતી જે અંગેની બેઠક ગુરુવારે ગ્રામ પંચાયત ખાતે યોજાઈ હતી જેમાં સરપંચ અને એક સદસ્ય ગેરહાજર રહ્યા હતા જયારે ૮ સભ્યોએ ઉપસ્તીત રહી મહિલા સરપંચના વિરોધમાં આંગળી ઊંચી કરી મત આપતા તેમની સામે ની અવિશ્વાસની દરખાસ્ત પસાર થઈ ગઈ હતી.

અંગે તલાટી મનોજભાઈ પરમારે જણાવ્યું હતું કે બાઈવાડા ગામના મહિલા સરપંચ ગીતાબેન પ્રવીણભાઈ દેવું સામે અવિશ્વાસ ની દરખાસ્ત રજુ થઈ હતી જે અંગે ની બેઠક માં કુલ નવ માંથી ૮ સભ્યોએ હાજર રહી સરપંચ ના વિરોધ માં મત આપતા અવિશ્વાસ ની દરખાસ્ત પસાર થઈ ગઈ હતી.



## પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ફ્રૂટ વિતરણ

બનાસકાંઠા ડિસ્ટ્રીક્ટ કેળવણી મંડળ સંચાલીત આર.આર. મહેતા કોલેજ ઓફ સાયંસ એન્ડ સી.એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ ઉપક્રમે તા. ૪-૮-૧૬ના રોજ સવારે ૧.૦૦ કલાકે એનએસએસ યુનીટ દ્વારા સિવિલ હોસ્પિટલ ખાતે દર્દીઓ માટે ફ્રૂટ વિતરણનું આયોજન કરવામાં આવ્યું. જેમાં એનએસએસ યુનીટના વિદ્યાર્થીઓ બીના પુરોહિત, બારોટ મિલન, હર્ષ તથા આશરે ૨૦ જેટલા વિદ્યાર્થીઓએ આ વિતરણ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો.જેમાં સિવિલ હોસ્પિટલના દરેક વોર્ડમાં જઈ દાખલ કરેલા દર્દીઓને કેળા, સફરજન તથા ખજૂર જેવા ફળોનું વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ ડૉ. વાય.બી. ડબગર, પ્રા. ધંધુકીયા, તથા એનએસએસ યુનીટના કન્વીનર પ્રા. વરસાત હાજર રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે સિવિલ હોસ્પિટલના સિવિલ સર્જન પટેલ તથા અન્ય સ્ટાફ મિત્રોએ પણ પુરતો સહયોગ આપ્યો હતો.

# ભિલોડા માર્કેટયાર્ડમાં આયકર વિભાગ ધ્વારા ઈન્કમ ડિક્લેરેશન સ્કીમ અંતર્ગત એક પબ્લીક મીટીંગ યોજાઈ

ભિલોડા,તા.૪

આયકર વિભાગ સાબરકાંઠા રેંજ,હિંમતનગર ધ્વારા ભિલોડા માર્કેટયાર્ડમાં આયકર વિભાગના જવાબદાર અધિકારીઓ ધ્વારા ઈન્કમ ડિક્લેરેશન સ્કીમ અંતર્ગત એક પબ્લીક મીટીંગ યોજાઈ હતી.આયકર વિભાગના એસ. એલ. કટારા ડેપ્યુટી કમિશનર ઓફ ઈન્કમટેક્ષ સાબરકાંઠા રેંજ ધ્વારા સંબોધન કરાયું હતું. એસ.એલ. કટારા ધ્વારા ભિલોડા તાલુકાના વેપારીઓ, ડૉક્ટરો, બિલ્ડરો, આયકર સલાહકારોને યોજનાની વિસ્તૃત માહિતી પુરી પાડી હતી.આ અંગે તેમણે જણાવ્યું હતું કે આ યોજના તેવી વ્યક્તિઓ માટે છે જે જેમણે પાછલા વર્ષમાં પુરેપુરો આયકર ચુકવ્યો નથી.તેઓએ તેમની આવક જાહેર કરવાનો અને કાયદાનું પાલન કરવાવાળા કરદાતા બનવાનો અવસર પ્રદાન કરે છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે જે કોઈ આ યોજનાનો લાભ લેશે તેને બેનામી લેનદેન (પ્રોહિબિશન) કાયદો, ૧૯૮૮, સંપત્તી વેરો અને આવકવેરા અંતર્ગત કોઈ પણ પ્રકારની કાર્યવાહી નહી થાય તે બાબતે સર્વને સમજણ આપી હતી.

આ સેમીનારમાં સ્થાનિક આયકર અધિકારીઓ મહેશ મોદી, યોગેશ ભટ્ટ હાજર રહ્યા હતા. મહેશ મોદી, આયકર અધિકારી ધ્વારા યોજનાની વિશેષતા અને તેના અનુસંધાનમાં સ્પષ્ટીકરણ કરી વિસ્તૃત માહિતી આપી હતી.

# પાલનપુરના રહેણાંક મકાનમાંથી દારૂ ઝડપાયો

પાલનપુર, તા. ૪

જિલ્લા પોલીસ વડા નીરજ બડગુજરના આગમન બાદ બે નંબરી ધંધા કરનારાઓ સામે પોલીસે રીતસરની નવાઈ હાથ ધરી છે. જેમાં રોજ બરોજ દેશી-વિદેશી દારૂનો જથ્થો ઝડપાઈ રહ્યો છે. ત્યારે બુટલેગરોએ પણ હવે પોલીસની બાજ નજરથી બચવા રહેણાંક મકાનોમાંથી દારૂનો વેપલો શરૂ કર્યો છે. જો કે પાલનપુર પશ્ચિમ પોલીસે નવા લક્ષ્મીપુરા સ્કૂલ પાસે આવેલા એક રહેણાંક મકાનમાંથી દેશી દારૂ ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પોલીસને મળેલી બાતમીના આધારે પોલીસે નવા લક્ષ્મીપુરા શાળા પાસે આવેલા રહેણાંક મકાનમાં રેડ કરી રૂ. ૧૯૨૦ની કિંમતનો ૬૪ લીટર દેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે માનસુંગજી ઠાકોર પાસેથી દેશી દારૂ ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરતા દારૂનો વેપલો કરતા તત્વોમાં ફફડાટ થવા પામ્યો છે.

# વિસનગરના જાણીતા તબીબનું પોળોમાં ડૂબી જતાં કરૂણ મોત

હિંમતનગર, તા.૪

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના અભાપુર શારણેશ્વર મંદિર પાછળ આવેલા પોળોના મામરેચી વિઅર સામેના ગોઝારા ડાકણીય ધરામાં બુધવારે સાંજના સુમારે ન્હાવા પડેલા મૂળ સતલાસણાના અને વિસનગરમાં હોસ્પિટલ ધરાવતા તબીબ અને તેમના મિત્ર ન્હાવા પડયા હતા. જેમાં તબીબના મિત્રને સ્થાનિક લોકોએ બચાવી લીધા હતા. જયારે તબીબ ડૂબી ગયા હતા. ત્યારબાદ તેમની લાશને સ્થાનિક તરવૈયાઓની ટીમ તથા ઈડર ફાયર બ્રિગેડના જવાનોએ ૧૬ કલાક બાદ ગુરૂવારે સવારે ભારે જહેમત બાદ બહાર કાઢી હતી. જેને પોસ્ટમોર્ટમ માટે પોલીસે વિજયનગર રેફરલ હોસ્પિટલમાં મોકલી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગેની વિગત એવી છે કે મહેસાણા જિલ્લાના સતલાસણાના વતની અને વિસનગરના હરસ, મસા, ભગન્દરના નિષ્ણાત તબીબ ડૉ. મહેશભાઈ કરશનભાઈ પટેલ (હેરિટેજ સોસાયટી) પોતાના મિત્રો ડૉ.હાર્દીક જ્યંતિલાલ પટેલ, પટેલ સુનિલ વિષ્ણુભાઈ, પટેલ વિપુલ જ્યંતિલાલ તથા કમ્પાઉન્ડર દેસાઈ કેતનકુમાર અમૃતલાલ સાથે બુધવારે બપોરે વિજયનગર તાલુકાના અભાપુર શારણેશ્વર મંદિર પોળોના જંગલોની મુલકાતે આવ્યા હતા. જયાં મિત્ર વિપુલ અને ડૉ.મહેશભાઈ શારણેશ્વર મંદિર પાછળ આવેલા પોળોના મામરેચી વિયર સામેના ડાકણીયા ધરામાં બુધવારે સાંજે પાંચેક વગ્યાના સુમારે ન્હાવા પડ્યા હતા. જેમાં બન્ને મિત્રો ડૂબી જતા જોઈ કમ્પાઉન્ડર કેતન દેસાઈએ બૂમાબૂમ કરતા અહીંથી પસાર થતા વિપુલ નિનામા અને અન્ય વ્યક્તિઓએ દોડી આવી વિપુલભાઈને બચાવી લીધા હતા. જયારે તબીબ મહેશભાઈ નદીમાં ડૂબી ગયા હતા. જે અંગેની જાણ સ્થાનિક લોકોએ પોલીસ સબ ઈન્સ્પેકટર એ.બી.ઠાકોરને કરતા પોલીસ સ્ટાફને ઘટના સ્થળે મોકલી ઘટનાની જાણ વિજયનગર મામલતદારને કરતા તેઓ પણ ઘટના સ્થળે દોડી ગયા હતા.

જોકે રાત પડી જતા અને ઈડર ફાયરબ્રિગેડની બે ટીમો પરોસડા ખાતે ગયેલી હોઈ તબીબ મહેશભાઈની લાશ શોધી શકી ન હતી.

જોકે ગુરૂવારે સવારે ઈડર ફાયરબ્રિગેડની ટીમ બોલાવી લાશ કાઢવાની કાર્યવાહી વિજયનગર મામલતદાર, પી.એસ.આઈ. એ.બી. ઠાકોર સ્ટાફ સાથે હાથ ધરી હતી. જેમાં અભાપુરના સ્થાનિક આગેવાન બાબુભાઈ, કાલિદાસ બારા, રમેશભાઈ પટેલની હાજરીમાં તપાસ શરૂ કરવામાં આવી હતી. જેમાં તરવૈયાઓ મનજી લક્ષ્મણભાઈ કાથોડી, મુકેશ કાથોડી, મહેશ થવારજી તાવીડ, પ્રકાશ શાંતિલાલ કોટવાલની ટીમ પણ જોડાઈ હતી અને સવારે લાશ શોધવાની હાથ ધરેલી કાર્યવાહીના અઢી કલાક બાદ દસ વાગ્યે લાશ મળી હતી. જેને વિજયનગર રેફરલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે લઈ જવામાં આવી હતી. જે અંગે વિજયનગર પોલીસે અકસ્માતે મોત અંગેનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# ઊંઝામાં રહેણાંક વિસ્તારમાંથી વિદેશી દારૂનો જથ્થો પકડાયો

ઊંઝા, તા. ૪

ગઈરાત્રે ઊંઝા ખાતે છુટી ફળીમાં આવેલ એક મકાનમાં પોલીસે દારૂ અંગે દરોડો પાડી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૪૫ તથા બિયરના ટીન નંગ-૭ મળી કુલ ૨૯,૮૦૦ની કિંમતની મત્તાનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. દરોડા સમયે પોતાના કબજા ભોગવટાના મકાનમાં દારૂનો જથ્થો રાખનાર શખ્સ ફરાર થઈ ગયો હતો.

વિગત એવી છે કે, ઊંઝા ખાતે છૂટી ફળીના એક મકાનમાં દારૂનો જથ્થો હોવાની મળેલ બાતમીના આધારે સ્થાનિક પોલીસે રાત્રીના સમયે આ સ્થળે દરોડો પાડ્યો હતો. આ સમયે મકાનનો કબજો ભોગવટો ધરાવનાર શખ્સ નાસી છુટ્યો હતો. પોલીસે અહીંથી ગેરકાયદેસર ભારતીય બનાવટની વિદેશી દારૂની ૧૪૫ નંગ બાટલીઓ તેમજ બિયરના સાત ટીન કબજે કર્યા હતા. કબજે કરાયેલ દારૂની કિંમત રૂપિયા ૨૯,૮૦૦ની થવા જાય છે.

આ અંગે પો.કો. દશરથભાઈ દેસાઈની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે પટેલ દશરથભાઈ લીલાભાઈ રહે. છુટી ફળી ઊંઝા વિરૂદ્ધ પ્રોહિબિશન એક્ટની કલમ ૬૬ બી. ૬૫ એ.ઈ. ૧૧૬ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

# મુનાઈ ગ્રામ પંચાયતમાં ભારત વિકાસ પરિષદ શાખા દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો



ભિલોડા,તા.૪

ભિલોડા તાલુકાના મુનાઈ ગામમાં મુનાઈ ગ્રામ પંચાયતમાં ભારત વિકાસ પરીષદ શાખા,ભિલોડા ધ્વારા રક્તદાન કેમ્પ તા.૩/૮/૨૦૧૬ ને બુધવારના રોજ યોજાયો હતો.મુનાઈ હાઈસ્કુલના પુર્વ આચાર્ય સ્વ.મનુભાઈ મુળજીભાઈ પટેલની નવમી વાર્ષિક પુણ્યતિથી નિમિત્તે મુનાઈ ગામના અગ્રણી મયંકકુમાર મનુભાઈ ચૌધરી,ભારત વિકાસ પરીષદ શાખાના સહયોગથી રક્તદાન કેમ્પમાં ૪૦ થી વધુ બોટલ રક્ત એકત્રીત કરાયું હતું.

આ પ્રસંગે અરવલ્લી જીલ્લા ડી.એસ.પી. કે.એન.ડામોર,ભિલોડા પી.એસ.આઈ. આર. એચ. સોલંકી, ધી મુનાઈ ગ્રૂપ સેવા સહકારી મંડળી લી.ચેરમેન રઘજીભાઈ પટેલ, ધી મુનાઈ દુધ ઉત્પાદક સેવા સહકારી મંડળી લી.ચેરમેન મોહનભાઈ પટેલ,મુનાઈ ગ્રામ પંચાયત સરપંચ રેખાબેન જશુભાઈ પટેલ,અગ્રણી આગેવાનો,ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા પ્રમુખ જીતુભાઈ ભાટીયા,મંત્રી જગદીશભાઈ પટેલ,ઉપપ્રમુખ હર્ષદભાઈ સોની, નરેશભાઈ પંચાલ,રામઅવતાર શર્મા, હસમુખભાઈ બરંડા, ઉર્વશીબેન બરંડા, ચંદ્રકાતભાઈ પટેલ સહિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. મુનાઈ ગામમાં રક્તદાન કેમ્પમાં સેવાભાવીઓએ રક્તદાન કર્યું હતું.રક્તદાન કેમ્પમાં રક્તદાન મહાદાન સુત્રને સાર્થક કર્યું હતું.ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા,હોદ્દેદારો,કાર્યકરોએ રક્તદાન કેમ્પને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# મહેસાણામાં જિલ્લા કક્ષાનો ૬૭મો વન મહોત્સવ યોજાયો




## મહેસાણા તાલુકાના ખેરવા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે 'મોતીદાદા ઉપવન' ૫૦૦ દુર્લભ વૃક્ષોનું વાવેતર કરાયું

મહેસાણા, તા. ૪

મહેસાણા જિલ્લાનો ૬૭મો વન મહોત્સવ મહેસાણા તાલુકાના ખેરવા ગણપત વિશ્વ વિદ્યાલય ખાતે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે યોજાયો હતો. ખેરવા કૃષિ વિજ્ઞાન કેન્દ્રના મકાન મંત્રી દિલીપકુમાર ઠાકોરે 'મોતીદાદા ઉપવન'નું લોકાર્પણ કર્યું હતું. મોતીદાદા ઉપવનમાં ૫૦૦થી વધુ દુર્લભ વૃક્ષોનું વાવેતર કરાયું હતું. આ વૃક્ષોનું જતન અને ઉછેર કરવાની વિશેષ જવાબદારી કૃષિ વિજ્ઞાન કેન્દ્રે ઉપાડી છે. મહેસાણા જિલ્લાના ૬૭મા વન મહોત્સવમાં ઉપસ્થિત રાજ્યકક્ષાના શ્રમ અને રોજગાર મંત્રી દિલીપ ઠાકોરે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા વન મહોત્સવની ઉજવણી સામાજિક વનીકરણ વિભાગ હેઠળ કરવામાં આવે છે. સામાજિક વનીકરણ એટલે સમાજનો સહિયારો સાથ વૃક્ષોનો ઉછેર માટે સંવેદનશીલ બની તેના જતનની જવાબદારી સમાજે લેવી પડશે. વધુમાં જણાવ્યું હતું કે દરેક વૃક્ષોના ગુણધર્મો સમજી તેનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ. આ ઉપરાંત ખેતરના શેઢે વૃક્ષો વાવી આર્થિક ઉપાર્જન મેળવવું જોઈએ.

મંત્રીએ વધુમાં સીતાફળના વૃક્ષના વાવેતરથી ખેતીના રક્ષણ સાથે હૃદય મજબુત બને છે. આ ઉપરાંત ડોડી આંખ માટે, લીમડો શરીર માટે, અરડુસી સહિત વિવિધ વૃક્ષોના ગુણધર્મોની વિગતે માહિતી આપી હતી. જિલ્લા કલેક્ટર આલોક કુમારે જણાવ્યું હતું કે સમગ્ર દુનિયા ગ્લોબલ વોર્મિંગની અસર નીચે છે. ગ્લોબલ વોર્મિંગ નિવારવાનો મુખ્ય ઉદ્દેશ વૃક્ષોનું વાવેતર છે. કલેક્ટરે જનમેદનીને દાંતની સફાઈ દાતણથી કરવા અનુરોધ કર્યો હતો. દાતણમાં એન્ટીબાયોટીક હોય છે. જેના એલઆર દાંતની સફાઈ સાથે દાતણના વ્યવસાય સાથે જોડાયેલ લોકોને પણ રોજીરોટી મળે છે.

# ઊંઝામાં ગટરના ગંદા પાણી ફરી વળતાં મુખ્યમંત્રીને ફરીયાદ

ઊંઝા, તા. ૪

ઊંઝા તાલુકાના કરલી ગામે છેલ્લા બે માસથી તુટેલ ગટરની પંચાયત દ્વારા મરામત ન થતા ગટરનું ગંદુ પાણી નજીકના કરણનગરમાં ભરાતાં લોકો ભારે મુશ્કેલી વેઠી રહ્યા છે. આ પ્રશ્ને સ્થાનિક ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયત અને લોક દરબારમાં રજૂઆત કરવા છતાં કોઈ પગલાં ભરાયા નથી. જેથી ગ્રામજનોએ રહિશો સાથે રાજ્યના મુખ્યમંત્રી, જિલ્લા કલેક્ટર સહિત જિલ્લાના સંબંધિત ઉચ્ચ અધિકારીઓને લેખિત આવેદનપ ત્ર પાઠવેલ છે.

ઊંઝા તાલુકાના કરણપુર ગામના લોકોએ પાઠવેલ આવેદન પત્રમાં જણાવ્યું છે કે છેલ્લા બે માસથી કરલી ગામની ગટર તુટી ગયેલ છે. જેનું ગંદુ પાણી કરણપુર ગામના બસ સ્ટેન્ડ, શાળાના દરવાજા, આંગણવાડી આગળ અને અન્ય જગ્યાએ ભરાઈ ગયેલ છે. જેથી શાળા અને આંગણવાડી બંધ કરવાની ફરજ પડે તેમ છે. ગટરના દુષિત ગંદા પાણીના લીધે ગામમાં બિમારી અને રોગચાળો ફાટી નીકળે તેવી સ્થિતિ સર્જાઈ છે. ગટરના મરામતના કામમાં કરલી અને કરણપુરની ગ્રામ પંચાયતો સાવ નિષ્ફળ નીવડી છે.

સ્થાનિક સરપંચ ઊંઝા તાલુકા પંચાયત તેમજ લોકદરબારમાં આ પ્રશ્ને રજૂઆત કરાયેલ છે. તેમ છતાં પંચાયત દ્વારા ગટરની મરામત તેમજ સફાઈ કરવામાં આવતી નથી. આથી ગ્રામજનોએ ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી સત્વરે યોગ્ય કાર્યવાહી કરવા લેખિત અરજ ગુજારી છે.

# અરવલ્લી જિલ્લાનો વન મહોત્સવ મેઘરજમાં યોજાયો

અરવલ્લી, તા. ૪

અરવલ્લી જિલ્લાનો ૬૭મો વન મહોત્સવ મેઘરજ ખાતે આજે ઉજવણી કરવામાં આવી હતી.

અરવલ્લી જિલ્લાનો ૬૭મો વન મહોત્સવ આજે મેઘરજની સરકારી વિનય અને વાણિજ્ય કોલેજ ખાતે ગુજરાત રાજ્યના રાજયકક્ષાના ગૃહ મંત્રી રજનીભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ૧૧૧૧ વૃક્ષો રોપી ઉજવણી કરવામાં આવી હતી.

મેઘરજની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં ગુજરાત રાજયના ગૃહ મંત્રી રજનીભાઈ પટેલ, મુખ્ય વન સંરક્ષણ ઉ.ગુ. વન્યપ્રાણી વર્તુળ ગાંધીનગર જી. યાદવા, જિલ્લા ભાજપા સંગઠન પ્રમુખ રણવીરસિંહ ડાભી, અરવલ્લી કલેકટર તેમજ ડી.ડી.ઓ. અને તાલુકા જિલ્લાના અગ્રણીઓની ઉપસ્થિતિમાં પ્રથમ મંત્રી રજની પટેલ તેમજ મહાનુભાવો અને અગ્રણીઓ તેમજ કોલેજના બાળકો દ્વારા ૧૧૧૧ અવનવા રોપાઓનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં દીપ પ્રાગટ્ય કરી મહાનુભાવો દ્વારા પ્રાસંગીક પ્રવચન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રકૃતિ વિશે પ્રેમ અને વૃક્ષો વાવો જેવી બાબતોનું મહાનુભાવો દ્વારા ઉદ્બોધન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ લાભાર્થીઓને ચેકો એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં અલગ અલગ મંડળોને ફાળે ગયા હતા. સાથે સાથે હરીત શપથ લેવામાં આવ્યા હતા.

# વેણપુરની સીમમાંથી ટ્રકમાં સંતાડેલો ૨૧.૮૪ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

મોડાસા, તા. ૪

અરવલ્લી જિલ્લાના અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં. ૮ પર આવેલી રતનપુર ચેકપોસ્ટ આંતરરાજ્ય સરહદ પરથી ગુજરાતની દારૂબંધીનો ફાયદો ઉઠાવવા પરપ્રાંતિય બુટલેગરો સતત પ્રયત્નશીલ રહી ગુજરાત રાજ્યમાં મોટાપાયે વિદેશી દારૂ ઘુસાડવામાં આવી રહ્યો છે. રતનપુર ચેકપોસ્ટ પર શામળાજી પોલીસ દ્વારા રાઉન્ડ ધી ક્લોક પેટ્રોલીંગ કરી ચુસ્ત બંદોબસ્ત ગોઠવી સક્રિય કામગીરી કરી વિદેશી દારૂ ઝડપી પાડતા પરપ્રાંતિય બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે. શામળાજી પોલીસે મંગળવારે વેણપુર ગામની સીમમાંથી આરટીઓ ચેકપોસ્ટ નજીકથી તાડપત્રીની અંદર ટ્રકમાં સંતાડેલો ૨૧,૮૪,૦૦૦ રૂ.નો વિદેશી દારૂ ઝડપી પાડી બે શખ્સોની ધરપકડ કરી જેલના સળીયા પાઠળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

શામળાજી પોલીસે મંગળવારે બપોરે ૧૨ વાગ્યાના સુમારે રાજસ્થાન તરફથી આવતી ટ્રકની અંદર તાડપત્રી નીચે સંતાડેલો ૨૧,૮૪,૦૦૦નો વિદેશી દારૂ ઝડપી પાડી બે બુટલેગરોને જેલના સળીયા પાછળ ધકેલી દેતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો હતો. શામળાજી પોલીસ મંગળવારે સવારથી જ રતનપુર ચેકપોસ્ટ નજીક પેટ્રોલીંગમાં હતી. બપોરે ૧૨ વાગ્યાના સુમારે રાજસ્થાન તરફથી



આવતા ટ્રક (ગાડી નં. એચઆર. ૪૭. એ. ૧૫૬૯)ના ટ્રકચાલકને શંકાસ્પદ ઝડપને લીધે અટકાવી તલાશી લેતા ટ્રકમાંથી ગેરકાયદેસર વગર પાસ પરમીટનો ભારતીય બનાવટના વિદેશી દારૂ તથા બીયરની પેટીઓ નંગ ૫૬૫ તેમજ કુલ બોટલો તથા ટીન નં. ૯૭૨૦ કિંમત રૂ. ૨૧,૮૪૦૦૦નો વિદેશી દારૂ ઝડપી પાડી ટ્રકચાલક દૂર્ગા રૂદ્ર શર્મા (રહે. ઘર નં. ૨૦૬, ૨૦૭, વોર્ડ નં. ૩ ન્યુ હાઉસીંગ બોર્ડ કોલોની સીરસા, હરિયાણા) તેમજ કલીનર સરચાસીંગ નારાયણસીંગ જાટ (રહે. બરનાલ માર્ગેની પાસે, ન્યુ હાઉસીંગ બોર્ડ કોલોની સીરસા, હરિયાણા)ને ઝડપી પાડયા હતા.